# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૫૩ • તા.૧૫ એપ્રિલ થી ૨૧ એપ્રિલ ૨૦૨૩




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહાસંઘ વડોદરા આયોજિત




# મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવમાં ગુજરાતના મુખ્ય પ્રધાન સહિત અગ્રણીઓની ઉપસ્થિતિ


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સમય અને સંજોગો પરિવર્તિત થવાના

ક્રોધ, માન, માયા અને લોભ ચાર સર્વનાશની જડો છે. જે જીવનના વૃક્ષને પાંગરવા દેતી નથી. આ કષાયો છે જે એક યા બીજી રીતે માણસને જંપવા દેતી નથી. આના કારણે માણસ ન વિચારવાનું વિચારે છે. ન બોલવાનું બોલે છે અને ન કરવાનું કરી આચરે છે. સ્વાર્થ અને લોભ, ક્રોધ અને મોહ, માયા અને મમતાનું વળગણ લાગે છે ત્યારે માણસને સારા કે નરસાનું ભાન રહેતું નથી. ઉપરની ચાર જડો એકમેક સાથે સંકળાયેલી છે. આમ જોઈ એતો એક ચહેરા પર ફિટ થઈ જતાં ચાર મહોરાં છે. જે સારપને છૂપાવી દે છે અને પોતાનું પોત પ્રકાશે છે.

લોભ છૂપો રૂસ્તમ છે. તે બહાર દેખાતો નથી. પણ જીવનની જે બધી મુશ્કેલીઓ ઉભરે છે. જેમાં તેની મહત્વની ભૂમિકા છે. સ્વાર્થ અને લોભ આવે છે ત્યારે સગાઓ પણ વેરી બની જાય છે. સ્વાર્થ માણસને અંધ બનાવે છે. સારા નરસાનું ભાન રહેતું નથી. કોઈ વિઘ્ન આવે તો ક્રોધ ઊભો થાય છે ને છેવટે હિંસક સ્વરૂપ ધારણ કરે છે. ક્રોધ જ્યારે મન મગજ પર આક્રમક બને છે ત્યારે દરેક દિશાઓ દેખાતી બંધ થાય છે. માત્ર દેખાય છે નર્યો સ્વાર્થ, મતલબ અને અભિમાન, પરિગ્રહની પાછળ પણ લોભ રહેલો છે લોભને કારણે માણસ અઢળક ભેગું કરતો રહે છે. કોઈ વસ્તુઓથી સંતોષ થતો નથી. કશું છૂટતું નથી. જે મળે તે ઓછું લાગે છે. દરેક માનવી સુખ ઈચ્છે છે. એમાં કશું ખોટું નથી. પણ દુ:ખ એમાં સર્જાય છે કે અન્ય કરતા પોતાને વધુ સુખ જોઈએ છે. એટલે મુશ્કેલીઓની પરંપરા સર્જાય છે. સૌની નજર ઉપર તરફ છે કોઈ નીચે જોવા ઈચ્છતો નથી.

આપણે કેટલા પાછળ રહી ગયા છીએ તેનો પૂરેપૂરો ખ્યાલ રહે છે. પણ આપણે બીજા કરતાં કેટલા આગળ છીએ તે તરફ નજર જતી નથી. એવા કેટલા લોકો છે જેને પેટ પૂરતું ભોજન પ્રાપ્ત થતું નથી. અંગ ઢાંકવા પૂરતાં કપડાં નથી. માથે છાપરું નથી. એમનો વિચાર કરવો જોઈએ એમની સામે આપણને ઘણું ઘણું મળ્યું છે તે પ્રભુની કૃપા છે એ સમજણ ધરાવવી જોઈએ. માણસ દુ:ખી અને લાચાર છે તેનું મુખ્ય કારણ સ્વાર્થ અને લોભ છે. પ્રભુ પર ભરોસો નથી. ભાવી નો ડર લાગે છે. કશું અજુગતું અને અણધાર્યું બનશે. તેનો અંદર ખાને ભય રહે છે. ભવિષ્યની ચિંતા રહે છે. એટલે આજની સુરક્ષાની દીવાલો ઊભી કરે છે. જે દીવાલો મોહની છે, માયાની છે અલગ અલગ પ્રકારના વળગણની છે.

ખુદના કર્મ પર આત્મવિશ્વાસ અને પ્રભુ પ્રત્યે શ્રધ્ધા અને વિશ્વાસ, આસ્થા અડગ હોય તો કોઈ મુસીબતો મોટી લાગશે નહીં. સુખ દુખના ઉતરાણ ચડાણ દડ મંજલ પર આવતા રહેવાના છે. તે કોઈનાથી રોક્યા રોકી શકવા નથી. જે નિર્ધારિત છે થયા વગર રહેવાનું નથી. માનવી ગમે તેટલાં ધમ પછાડા કરે પણ કાળને રોકી શકવા સમર્થ નથી. સમય અને પરિસ્થિતિ પલટાયા કરે છે. મનમાં સ્થિરતા અને ભરોસો હશે તો ગમે તેવા સંકટમાંથી પણ સુખ રૂપ બહાર નીકળી શકાય છે.

*– જય જ્ઞાતિમૈયા*

# પરિવર્તન અંદરથી થવું જોઈએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વાંચવું અને જોવું, સમજવું અને અનુભવવું એમાં ફરક છે. કોઈ ચીજ વસ્તુનું ચિત્ર જુઓ અને તે પ્રત્યક્ષ ચીજને આંખોથી જુઓ સ્પર્શ કરો એમાં હજાર ઘણો ફરક છે. એવી જ રીતે કોઈ વિચારની કલ્પના કરીએ અને એ ચીજને નજરોનજર જોઈએ એમાં લાખ ઘણો ફરક છે. જેમ અજ્ઞાન અને જ્ઞાનમાં છે. વિચાર અને અનુભવમાં છે એટલો તફાવત આ બે વચ્ચે છે. આંખો સારી હોય પણ વાંચતા ન આવડતું હોય તો? આંગણું ગમે તેટલું સારું, સપાટ સરળ હોય પણ જો નાચતા જ ન આવડતું હોય તો નાચી ન શકાય, અંતરની અભિવ્યક્તિ મોકળાશથી વ્યક્ત ન થઈ શકે. નાચતા ન આવડતું હોય ગમે તેટલું સધ્ધર, સરળ અને સગવડ ભર્યું આંગણું આપણા માટે નકામું છે. નાચવું શીખવું પડે છે. પધ્ધતિસર, શાસ્ત્રોક્તપણે નૃત્ય શીખવાથી પ્રેક્ષકોમાં પ્રિય થવાય છે. તો જોનારને પ્રેરણારૂપ બની શકીએ છીએ.

શીખવાની ધગશ આપણમાં હાડોહાડ હોવી જોઈએ. એના વિના કોઈ અર્થ નથી. કોઈ શીખવનાર મોજુદ ન હોય આપણે એકલા જ હોઈએ ત્યારે નૃત્યની પ્રેરણા આપણે પોતે બની શકીએ છીએ. કોઈ આપણો હાથ પકડીને શીખવી નહીં શકે. જીવનનું નૃત્ય જેટલું અંદર છે ગહન છે એટલું ઊંડું પણ છે. જ્યાં હાથ લાંબો કરી પહોંચી શકાતું નથી. કોઈનો ટેકો, સાથને સહકાર મળવો જરૂરી છે. કોઈની શીખવણી જરૂરી છે. જ્ઞાન આપનાર હોય પણ એ મેળવવાની પાત્રતા આપણામાં ન હોય તો એનો કોઈ અર્થ સરતો નથી. બુધ્ધ પુરૂષ ઈશારો કરી શકે છે. આપણને દોરવણી આપી શકે છે પણ ચાલીને ત્યાં સુધી આપણને જવું પડશે. શ્રમવિના, પ્રસ્વેદ પાડ્યા વિના સિધ્ધિ પ્રાપ્ત થતી નથી.

સુખ અને દુ:ખ પરિસ્થિતિ ગમે તે હોય આત્મા નાચી શકવા સમર્થ હોવો જોઈએ. જો દુ:ખી હો તો પણ અને સુખી હોઈએ તો પણ. સંજોગો સમયાનુસાર હોય છે. પણ અભિવ્યક્તિ દરેક જોગ સંજોગોમાં પણ મોકળી હોવી જોઈએ. નાચનાર જો આંગણાનો દોષ કાઢે તો ક્યારે સાચી રીતે, સારી રીતે નાચી ન શકે. દોષારોપણના સ્વભાવથી, એવી વૃત્તિથી સિધ્ધિ કે સફળતા નહીં મળે. કોઈનો દોષ કાઢવા કરતાં આપણે કંઈ રીતે આપણું જ્ઞાન, આપણી કલા પ્રકટ કરીએ છીએ એના પર ધ્યાન લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ. ફરિયાદ કરવા કરતાં પોતાની ભૂલને સુધારવાથી, સુક્ષ્મતાથી દોષ નિહાળી તેને સુધારવાથી જરૂર સિધ્ધિ પ્રાપ્ત થાય છે અને સહેલાઈથી થાય છે.

જીવનને જ્ઞાનીઓએ રંગમંચની ઉપમા આપી છે. અંતરાત્મા રંગમંચ છે જેનો પ્રોજેક્ટર અંદર છૂપાયેલો છે. બધા ખેલના મૂળ બીજ અંદરથી શરૂ થાય છે. બહાર જો દુ:ખની અનુભૂતિ થાય તો સમજજો અંદર ખોટી ફિલ્મની રીલ ફરી રહી છે. જેથી ઝટ ચેતીને રીલ બદલવી પડશે. પડદાને, સ્ક્રીનને બદલવાથી કંઈ ફરક નહીં પડે. અંદરથી જ્યાં સુધી નહીં બદલાઈએ ત્યાં સુધી બહારની દુનિયામાં પરિવર્તન નહીં આવે. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિને હરહમેંશ ધ્યાન રાખવી જોઈએ.


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહાસંઘ વડોદરા દ્વારા મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવમાં ગુજરાતના મુખ્ય પ્રધાન, સહિત અગ્રણીઓની ઉપસ્થિતિ




શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહાસંઘ વડોદરા દ્વારા મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી પ્રસંગે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર.પાટિલ ઉપસ્થિત રહ્યાં હતાં અને પર્વની શુભેચ્છા આપી હતી.

પધારેલ મહાભાવોનું સ્વાગત કરી સન્માન કરાયું હતું. યુવક મહાસંઘ વડોદરા ચેરમેન ભાવેશભાઈ લોડાયાએ પધારેલ અગ્રણીઓનું મોઢું મીઠું કરાવ્યું હતું.





# શ્રી સાંધવ નગરના શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી મુલુંડ ખાતે ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થઈ






શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ આયોજિત અને માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (નલિયા-મુલુંડ) પરિવારના સહયોગે રવિવાર, તા ૦૯-૦૪-૨૦૨૩ના શ્રી સાંધવ નગરના શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી પેહડી પ્રસાદનું ભવ્યાતિભવ્ય આયોજન મુલુંડમાં ફ્રેન્ડ્સ સ્કૂલમાં કરવામાં આવેલ. શ્રી વચ્છરાજ દાદાની ભકિત-ભાવનામાં શ્રી મનોજ કારાણી અને શ્રી ચેતન પંચાલ તેમજ સાથી કલાકારોએ સંગીતના સથવારે સુમધુર ભકિત ગીતો રજૂ કર્યા હતા.

સૌ પ્રથમ માતુશ્રી લક્ષ્મીબાઇ ભવાનજી લોડાયા પરિવારના સભ્યો શ્રી વચ્છરાજ દાદાને વાજતે ગાજતે માળારોપણ તથા પ્રસાદ ચડાવી દીપ પ્રજ્વલિત કરી મંગલ શરૂઆત કરી હતી.




# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી







શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના સભ્યો, શ્રી ક.દ.ઓ જ્ઞાતિ મહાજન મુંબઇ, શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળ, શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોમ્બિવલી, શેઠ શ્રી નરશીનાથા ટ્રસ્ટ, શ્રી જીવીસી સંઘ, શ્રી નલિયા એકતાના સભ્યો તેમજ આમંત્રિત મહેમાનોની હાજરી હતી. ૧૨૦૦ થી અધિક ભાવિકો આ ભક્તિ ભાવનામાં જોડાયા હતા.

શ્રી મનોજ કારાણી અને સાથી કલાકારો પોતાની આગવી શૈલીમાં શ્રી વચ્છરાજ દાદાના ગીતો રજૂ કર્યા હતા. જે ભાવિકોને ખુબજ ગમ્યા હતા તેઓ ખુબ હર્ષ ઉલ્લાસથી કલાકારોને વધાવી પૈસાનો વરસાદ વરસાવેલ શ્રી વચ્છરાજ દાદા ગૌધન માટે પોતાનું બલિદાન આપેલ એ હેતુ એ કલાકારોએ સર્વે રકમ પાંજરાપોળને અર્પણ કરેલ.

યોગનુ યોગથી માતુશ્રી લક્ષ્મીબાઇ ભવાનજી લોડાયા પરિવારના સુપુત્ર શ્રી વીરેન્દ્રભાઈનું જન્મદિવસ હોઈ




# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી









તેમને જન્મ દિવસની શુભેચ્છાઓ આપી તેમના બાળપણના સંસ્મરણો સ્ક્રીન ઉપર દર્શાવામાં આવેલ.

૧ મહિના પહેલા આજ પરિવાર દ્વારા નલિયામાં શ્રી વચ્છરાજ દાદાના ભવ્યાતિભવ્ય મંદિરનું પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવેલ એ મહોત્સવની ફોટોગ્રાફી પણ સ્ક્રીન ઉપર દર્શાવામાં આવેલ.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા દાતા પરિવારની સુકૃત કાર્યો બદલ ખુબ અનુમોદના સાથે તેમનું પણ પુષ્પગુચ્છ આપીને બહુમાન કરવામાં આવેલ.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ ના શ્રી ગોવિંદજીભાઈ પટેલ તેમજ શ્રી જયેશભાઇ જૈન તેમજ ગ્રૂપના સર્વે સભ્યોનો શ્રી માતુશ્રી લક્ષ્મીબાઇ ભવાનજી લોડાયા પરિવાર વતી શ્રી વીરેન્દ્રભાઈ એ અમૂલ્ય લાભ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. દાતા પરિવારે  આરતી ઉતારેલ, સર્વે ભાવિકો અને પધારેલ મહેમાનોએ પ્રસાદ અને ચૌવિહારનો લાભ લીધેલ.





# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી









આમ શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક પહેડી પ્રસાદ ધૂમધામથી આનંદમય, હર્ષમય ઉમળકાભેર સૌ કોઈ ભાવિકોએ માણી. છેલ્લે આનંદ ઉમંગભેર રાસ રમીને આ કાર્યક્રમની પુર્ણાહૂતિ થઇ હતી.







# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી















# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી















# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી















# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી










# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી






# શ્રી વચ્છરાજ દાદાની ૩૦મી વાર્ષિક સમૂહ પહેડી
















# સંજીવની યોજનાના ગોલ્ડ પેટ્રન થનાર દાતાની ઉદારતાને શત શત વંદન





માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર મોટી ખાવડી ઘાટકોપર એ પરિવારના લાડલા પૌત્ર સ્વ. ધવલ મયૂર લોડાયાના તા.૧૦ એપ્રિલના જન્મદિવસની ઉજવણીને માનવ સેવા કાર્ય દ્વારા અવિસ્મરણીય બનાવવા રૂા.૫૧ હજારનું ઉદાર અનુદાન સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સંચાલિત સંજીવની યોજનાના સુવર્ણ પેટ્રોન તરીકે જોડાયા છે.

માનવ સેવાની આ કડીને વિસ્તૃત કરવાનો પરિવારનો વિચાર અમૂલ્ય છે. દયા, કરૂણા, ઉદારતા અને સેવા દ્વારા અન્ય લોકોના જીવનને બહેતર બનાવવાનો ખ્યાલ ખરેખર અદ્ભૂત અને અનુમોદનીય છે. કુમાર ધવલ લોડાયાની સ્મૃતિ આ માનવીય કાર્ય દ્વારા ઉત્તમ રીતે અંજલિ રૂપે યાદગાર બનાવવા બદલ પરિવારની અનુમોદના.

# શ્રી મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ સોનગઢના વિકાસમાં વિકમશી પરિવારનો મહત્વનો ફાળો



**કુંવરજી કરમશી શાહ(વિકમશી)**



**CA શીવજી કરમશી વિકમશી**



**CA કમલેશ શીવજી વિકમશી**

૧૯૨૩માં સ્થાપિત શ્રી મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ સોનગઢ જિ.ભાવનગરનો આ વર્ષ શતાબ્દીની ઉજવણીનો વર્ષ છે. કોઈ એક નાનકડા બીજ ઊગીને ફૂલી ફાલી વૃક્ષ બને તે માટે વર્ષોના વર્ષ લાગે છે. તેની માવજત અને રખરખાવથી વૃક્ષ પાંગરે છે એ જ પ્રકારે આ સંસ્થા સમાજ સેવા ભાવીઓની જહેમત અને દોરવણીથી આગેકૂચ કરી રહી છે.

કચ્છ રાણપરના વિકમશી પરિવારનું સબળ યોગદાન આ સંસ્થાને સાંપડ્યું છે. ૧૯૩૦માં ૧૩ વિદ્યાર્થીઓએ એડમિશન લીધું જેમાંના એક હતા. કુંવરજી કરમશી શાહ-વિકમશી. આર્થિક પરિસ્થિતિ ખૂબજ નબળી પણ ભણવામાં તેજસ્વી. સંસ્થાના પ્રેરક બાપા શ્રી પૂ.ચારિત્ર વિજયજી મ.સા. અને પૂ.કલ્યાણચંદ્રજી બાપાએ અભ્યાસ પૂર્ણ થયા પછી કરમશીભાઈ વિકમશીને આદેશ કર્યો કે હવે સંસ્થાને તારી સેવાની જરૂર છે એટલે મંત્રી તરીકે જોડાઈ જા. આજ્ઞાંકિત કરમશીભાઈએ ૧૯૪૪માં સેક્રેટરી તરીકે જોડાઈ ગયાને છેલ્લા શ્વાસ સુધી એટલે કે ૧૯૮૨ સુધી અમૂલ્ય ૩૮ વર્ષ સંસ્થાને ચરણે ધરી દીધા. આદ્ય વિદ્યાર્થીઓએ તેમનો આદર જાળવી એક વિદ્યાર્થી ભવનનું નિર્માણ કર્યું અને તેને નામ આપ્યું કરમશી કુંવરજી શાહ વિદ્યાર્થી ભવન.

વિકમશી પરિવારના એવા બીજા તેજસ્વી રત્ન એટલે CA શીવજી કુંવરજી વિકમશી. જે અભ્યાસમાં વડીલ બંધુ કરમશીભાઈ જેટલા જ તેજસ્વી. ૧૯૪૫માં મેટ્રીક પાસ કરીને ગુરૂકુળ હાઈસ્કૂલમાં પ્રથમ આવ્યા. ૧૯૫૨માં ચાર્ટડ એકાઉન્ટ થઈ વડીલ બંધુ ખીમજીભાઈ જોડે કચ્છી સમાજની અગ્રણી CA ફર્મ ખીમજી કુંવરજી એન્ડ કાં. માં ભાગીદાર તરીકે જોડાયા. વર્ષ ૬૭-૬૮ના એક વર્ષ કારોબારી સભ્ય તરીકે રહ્યા બાદ ૧૯૬૯ થી ૧૯૮૯ સુધી લગાતાર બે દાયકા પર્યંત માનદ મંત્રી તરીકે સેવા આપી અને પછી ૧૯૯૦ થી ૨૦૧૮ સુધી ૨૮ વર્ષ એટલે જીવનની આખરી પળ સુધી ટ્રસ્ટી તરીકે બહુમૂલ્ય સેવા આપી સંસ્થાની કાળજી લીધી. કુલ્લ પચ્ચાસ વર્ષથી પણ અધિક સંસ્થા સાથે જોડાયેલા રહીને એમના માર્ગદર્શનનો બહુમૂલ્ય લાભ સંસ્થાને મળ્યો. જે દરમ્યાન આ કાળમાં સંસ્થાએ ઉતરોત્તર પ્રગતિના અવનવા સોપાન સર કર્યા. શીવજીભાઈ હમેંશા કહેતા કે રત્નાશ્રમનું અમારા ઉપર ખૂબજ ઋણ છે અને ઋણ ચૂકવવાનો અવસર આ પરિવાર ક્યારે પણ ચૂકશે નહીં.

મોરના ઈંડાને ચીતરવા ન પડે એ ન્યાયે CA શીવજીભાઈ વિકમશીના પુત્ર કમલેશભાઈ CA થઈને ખીમજી કુંવરજી એન્ડ કાં માં ભાગીદાર તરીકે જોડાયા. પોતાના વ્યવસાયમાં ઊંચા ઊંચા શિખરો સર કર્યા. રત્નાશ્રમના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ રહ્યાં છે અને હવે પ્રમુખ તરીકે શાસન ધૂરા સંભાળી પ્રગતિના પંથે દોરશે.

# શ્રી મહાવીર જૈન કલ્યાણ રત્નાશ્રમ સોનગઢના પ્રમુખ પદે CA કમલેશભાઈ વીકમશીની વરણી થઈ



ભાવનગર જિલ્લા સ્થિત સોનગઢમાં કચ્છી જૈન વિદ્યાર્થીઓને શિક્ષક આપી ઘડતર કરતી અને જીવનની કારકિર્દી ઘડવામાં મહત્વનો ફાળો આપતી આ સંસ્થા આ વર્ષે શતાબ્દી વર્ષ ઉજવી રહી છે. ત્યારે સંચાલન મંડળના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ તરીકે સેવા આપેલ કચ્છ રાણપરના CA કમલેશભાઈ શીવજીભાઈ વિકમશીની પ્રમુખપદે વરણી થઈ છે. તેમની દોરવણી હેઠળ રત્નાશ્રમ સફળતાના ઉચ્ચ શિખરો સર કરે એ શુભેચ્છા સાથે તેમની પ્રમુખ પદે વરણી બદલ રાજીપો અનુભવી હાર્દિક અભિનંદન આપીએ છીએ.

પ્રતિષ્ઠિત વિકમશી પરિવારના વડીલ બંધુ શ્રી કુંવરજી કરમશી શાહ વિકમશી, લઘુ બંધુ CA શીવજી કરમશી વિકમશી પછી હવે ત્રીજા ફરજંદ CA કમલેશભાઈનું કાબેલિયત માર્ગદર્શન આ સંસ્થાને સાંપડશે.

# ચાલીસગામમાં ૩૯ વર્ષ પછી બન્ને ગુરૂ બહેનોનું મિલન થયું

તા.૯ એપ્રિલ રવિવારના દિને મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતના ચાલીસગામ નગરમાં પ.પૂ.સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા પધાર્યા. અત્રે તેમના વડીલ ગુરૂબહેન પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. સાથે તેમનો ભેટો ૩૯ વર્ષના લાંબા કાળ બાદ થયો.

પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. વર્ષોથી મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ વિસ્તારમાં વિચરણ કરી રહ્યા છે. મહારાજ સાહેબ ગુરૂબહેનોના મિલનની ક્ષણ અદ્‌ભૂત હતી. સાધ્વીજીઓ આ ક્ષણના સાક્ષી બન્યાં હતાં અને આ પ્રસંગને ગીતના સ્વરૂપમાં વધાવેલ પ.પૂ.સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા અખાત્રીજના જલગામમાં છે.



# ગદગમાં ચૈત્ર માસની આયંબિલ ઓળીની અદ્‌ભૂત આરાધનાઓ થઈ

આ વર્ષે કર્ણાટક રાજ્યના ગદગ નગર સંઘમાં શ્રી કદઓ જૈન મહાજન ગદગના આયોજનથી ચૈત્ર માસની આયંબિલ ઓળીની આરાધનાઓ સ્નાત્ર મંડળના સૌજન્યથી તા.૨૮ માર્ચ મંગળવારથી તા.૫ એપ્રિલ બુધવાર લાભાર્થી ૯૧ પરિવારોએ રૂા.૧૦૦૦નો ફાળો નોંધાવી લાભ લીધેલ.

ઓળી દરમ્યાન કુલ ૩૧૫ તપસ્વીઓએ આયંબિલ તપ કર્યા. જેમાં નવ આયંબિલ કરનાર ૨૭ તપસ્વી હતા. મહાજન શ્રી દ્વારા પારણા કરાવવામાં આવ્યા હતા. જેમાં દરેક તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું. વાપીથી ખાસ આયંબિલ કરવા આવેલ પ્રદીપ વેરશી સાવલાનું બહુમાન કરાયું.

ઓળી તપ દરમ્યાન સ્વાદિષ્ટ રસોઈ બનાવનાર વિમલાબેન સંજય મોતાનું બહુમાન કરવામાં આવ્યું. સ્નાત્ર મંડળના સર્વે સભ્યો તથા બીજા ભાઈ બહેનોએ આયંબિલ દરમ્યાન રસોઈ બનાવવામાં તથા પીરસવામાં સાથ સહકાર આપવા બદલ સૌ નામી અનામી એનો ગદગ મહાજન તરફથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવેલ.

# સાંધવ ગામના લાલ છતાપીરની પહેડી ધર્મભાવ સાથે સંપન્ન થઈ





અબડાસા તાલુકાના સાંધવ ગામના લાલ છતાપીરની પહેડી લાભાર્થી સૌ. પ્રેક્ષા પ્રિયાંક ખોના પરિવાર ચેમ્બુરના સંગાથ સાથે ધર્મભાવ સાથે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થઈ.

# તિરૂપુરની સમાજસેવી સંસ્થા મુચાર્ચી મકાલ અમાઈપુ એસોસિએશનના ઉપપ્રમુખપદે સતિષ હંસરાજ નાગડાની વરણી થઈ



દક્ષિણ ભારત પ્રાંતના તામિલનાડુ રાજ્યના તિરૂપુર નગરની સમાજકારી સંસ્થા મુચાર્ચી મકાલ અમાઈપુ એસોસિએશનના ઉપપ્રમુખ પદે સ્થાનિક અગ્રણી સમાજસેવક સતિષ હંસરાજ નાગડા ચૂંટાઈ આવ્યા છે. તેઓ બ્લડ ડોનેશન કેમ્પના આયોજન સહિત સંસ્થાની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં મોખરેનો સહભાગ આપી રહ્યાં છે.

તા.૯ એપ્રિલ રવિવારના તિરૂપુર નગર પાલિકાના મેયર દિનેશકુમારના હસ્તે હોટલ એરોમા ખાતે યોજાયેલ ભવ્ય સમારોહમાં સતિષ નાગડાનું સન્માન કરાયેલ.

# શ્રી ક.દ.ઓ.જૈન વિદ્યાર્થી ગૃહ ધુલિયાના નવ નિયુક્ત પદાધિકારીઓ



શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. દ્વારા પ્રેરિત શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ ધુલિયાની કાર્યકારિણી, સમિતિની વર્ષ ૨૦૨૩-૨૦૨૮ની ટર્મ માટે ઉપાધ્યક્ષ પદે શ્રી જલગામ ક.દ.ઓ.જૈન સમાજના વર્તમાન અધ્યક્ષ અશોકભાઈ લાલજી જૈન પોલડિયાની તથા કારોબારી પદાધિકારી તરીકે ભાવેશ ધનપતિ મોમાયા અને ભાવેશ કુંવરજી લોડાયાની નિયુક્તિ કરાઈ છે.

આ પદગ્રહણ માટે હાર્દિક અભિનંદન સાથો સાથ તેમના કાર્યકાળ દરમ્યાન સમાજ અને શિક્ષણ માટેના ઉપયોગી કાર્યો થાય અને વિદ્યાર્થીગૃહની પ્રગતિ થાય એ શુભેચ્છા.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# પ.પૂ.સાધ્વીશ્રી વંદનગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૧૮મા વર્ષમાં પ્રવેશ કર્યો



ચૈત્ર વદી ૯ તિથિ વિક્રમ સંવત ૨૦૬૨ના દિન જખૌ ગામના માતુશ્રી ભાગ્યલક્ષ્મીબેન નીતિનભાઈ નાગડાના સગુણા સુપુત્રી આત્મકલ્યાણના ભાવ સાથે સાંયરા ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે સ્વીકાર્યું. આજકાલ કરતાં સંયમ પથ જીવના આકરા પ્રવાસના સતર વર્ષ પૂજ્ય સાહેબ વિક્રમ સંવત ૨૦૭૯ના ચૈત્ર વદી ૯ તા.૧૪ એપ્રિલ શુક્રવારના પૂર્ણ કરી તપ, ધર્મ, ધ્યાન અને આરાધનાના અઢારમા વર્ષમાં પ્રવેશ કર્યો. સાહેબનું ભાવી તપોજીવન રજત, સુવર્ણ વળોટી શત વર્ષના શિખરે બિરાજે એ મંગળકામના, સહ શત શત વંદના.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા




## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ *(સંચાલિત)*

### માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય *(જામનગર)*

**શૈ. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ (જુન, ૨૦૨૩) થી જામનગર મધે કન્યાછાત્રાલયમાં પ્રવેશ મેળવવા બાબત:**

જામનગર માં આવેલ કન્યા છાત્રાલય મા ધો. ૬ અને તેથી ઉપર ના અભ્યાસ માટે દીકરીઓને તદન નિ:શુલ્ક પ્રવેશ આપવાં આવે છે. દિકરીઓને રહેવા, જમવા, શાળા ની ફી, પ્રાઇવેટ ટ્યુશન, ઇતર પ્રવૃત્તિ, કમ્પ્યુટર કલાસ વિગેરે સગવડ તદન ફ્રી માં આપવામાં આવે છે.

જામનગર શહેરમાં અભ્યાસ માટે હવે ખુબજ સારી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે હરિયા સ્કૂલ અને કોલેજ, એમ. પી. શાહ કોલેજ, આયુર્વેદિક યુનિવર્સિટી અને બીજી અનેક સંસ્થાઓ આવેલી છે.

સમસ્ત ક. દ. ઓ. જ્ઞાતીની દિકરીઓના વાલીઓને આ તક નો લાભ લેવાની અને પોતાની દિકરીઓ ને સંસ્થા મા ઉચ્ચ અભ્યાસ માટે મોકલવા વિનંતી કરવામાં આવે છે.

સંસ્થામા પ્રવેશ માટે સંપર્ક, જામનગર - મનોજભાઇ ખોના - 9824226655
મુંબઇ - વિજયભાઇ લોડાયા - 9821028355

નોંધ : કન્યા છાત્રાલય માટે ગૃહ માતા જોઇએ છે, સંસ્થા મા રહેવાની તેમજ જમવાની સગવડ આપવામા આવશે. ઇચ્છુક બહેનોએ ઉપરોક્ત નંબર પર સંપક કરવો.

*કન્યા છાત્રાલય :- કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩, એરોડ્રોમ રોડ, જામનગર* - JAMNAGAR


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વિમળાબેન લોડાયા**
તા.૭ એપ્રિલ (ઉ.૫૩)
વારાપધર-ગોધરા



**નવીનચંદ્ર મોમાયા**
તા.૮ એપ્રિલ (ઉ.૭૪)
સાયરા-માટુંગા



**ઈશ્વરચંદ લોડાયા**
તા.૯ એપ્રિલ (ઉ.૯૦)
વારાપધર-અંધેરી(પ)



**લક્ષ્મીબેન લોડાયા**
તા.૯ એપ્રિલ (ઉ.૬૭)
દલતુંગી-ભીલવારા




**કિશોરભાઈ ખોના**
તા.૧૦ એપ્રિલ (ઉ.૭૨)
ખાવડી મોટી-થાણે(પ)



**તારાબાઈ પોલડિયા**
તા.૧૧ એપ્રિલ (ઉ.૮૭)
બાયઠ-બ્રીચ કેન્ડી



**સરલાબેન મોમાયા**
તા.૧૨ એપ્રિલ (ઉ.૭૮)
વરાડીયા-દેવનાર



**રતનશી પોલડિયા**
તા.૧૨ એપ્રિલ (ઉ.૭૯)
બાયઠ-બડગરા(કેરલ)



**રીટાબેન મોતા**
તા.૧૨ એપ્રિલ (ઉ.૬૨)
વરાડીયા-ચેન્નાઈ



**ઉર્મિલાબેન ખોના**
તા.૧૪ એપ્રિલ (ઉ.૬૭)
રંગપુર-સિડની ઓસ્ટ્રેલિયા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● કચ્છ એડવેન્ચર કેમ્પના સંચાલક કુલદીપ વણોલના નેતૃત્વ હેઠળ ભુજ ઈંગ્લિશ સ્કૂલના ૧૫૭ યુવક યુવતીઓ શિક્ષકો ધીણોધરમાં એક સાથે ટ્રેકિંગ કરી નવો ઈતિહાસ રચ્યો કચ્છના ત્રીજા નંબરના ઊંચા પર્વત ધીણોધર ઉપર ગુલાબી ઠંડીમાં ૯૩ યુવક ૫૬ યુવતી તથા ૮ શિક્ષકો સાથે મળીને ટ્રેકિંગ કર્યું હતું. ટ્રેકિંગ કરાવીને સાથે સાથે ધીણોધરના જંગલમાં પક્ષુ પક્ષીઓ અને કુદરતી સંપદાનો રોમાંચ માણ્યો હતો. સાહસિકોએ ધીણોધર ઉપર ગરબાની રમઝટ જમાવી હતી. સૌથી નાની ૬ વર્ષની પ્રિશાએ પણ ધીણોધર ટ્રેકિંગ કરી પ્રેરિત કર્યા હતા.


● દેશના પ્રથમ અવકાશ આર્કિટેક્ચર ફર્મ આકાસ્પેસ સ્ટુડિયોના સ્થાપક અને એવોર્ડ વિજેતા સ્પેસ આર્કિટેસ્ટ આસ્થા કાચાએ અવકાશનો અનુભવ કરાવતા સ્ટેશનની સ્થાપના કચ્છમાં ધોળાવીરા નજીકના સફેદ રણમાં કાયમી ધોરણે કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ, સંશોધકો અને વૈજ્ઞાનિકો માટે ખૂલ્લુ મૂકતાં પહેલાં ક્રૂ સભ્યોએ કેટલાક પરીક્ષણો કર્યા હતા. આ સ્ટેશનમાં થ્રીડી ચિત્રો પ્રચીન સંસ્કૃતિ, અવકાશ માટેની વર્ચ્યુઅલ વાસ્તવિકતા સહિતનો અનુભવ થશે. આકાસ્પેસ સ્ટુડિયો આ પહેલાં લુનાર એના લોગ એક્સિપીડીશન બનાવ્યું હતું. આસ્થા કાચા એવોર્ડ વિજેતા સ્પેસ આર્કિટેક્ટ છે. તેઓ લીડસ બેકેટ યુનિવર્સિટી (યુ.કે.) અને વી.આઈ.એ.યુનિવર્સિટી (ડેન્માર્ક)ની આર્કિટેકચ્યુઅલ ટેકનોલોજી અને કન્સ્ટ્રેક્શનની બેવડી ડિગ્રી ધરાવે છે.

● પારંપારિક સ્વસ્થ વિશેષ પરિયોજના અંતર્ગત લખપત તાલુકાના ભાડરા ગામે સેમિનાર ખૂલ્લો મૂક્યા બાદ જામનગર આયુર્વેદ યુનિના પૂર્વ ડીન ડૉ.હિતેશભાઈ જાની એ ગાયનું છાણ, સોનાની ખાણ સૂત્ર સાર્થક કરવા ગ્રામજનોને હાકલ કરી હતી. આર.એસ.એસ.ની શાખા આરોગ્ય ભારતી અને સીમા જનકલ્યાણ સમિતિ દ્વારા લખપત તાલુકાના ૧૦ જેટલા ગામ દતક લઈ પારંપારિક સ્વસ્થ વિશેષ પરિયોજના અંતર્ગત આયુર્વેદ પધ્ધતિથી પોતાનું સ્વાસ્થ્ય કેમ જાળવવું તેની જ્ઞાન સમજ અપાઈ હતી.

● કચ્છમાં પોતાની કામગીરી અને પ્રવૃત્તિથી આગવી ઓળખ સ્થાપિત કરી પશુપાલકોના હિતાર્થે ઉતમ કામગીરી કરતી જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થા કચ્છ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિમીટેડ સરહદ ડેરી દ્વારા અંજાર તાલુકાના ચાંદરાણી ખાતે ત્રણ મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના કરાઈ. બે લાખ લિટરથી છ લાખ લિટર સુધી વિતરણ થઈ શકે તેવો દુધ અને દૂધની બનાવટોનો પ્રોસેસિંગ અને પેકેજિંગ પ્લાન્ટ દેશનો સૌ પ્રથમ સોલાર પાવરથી ચાલતો દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ બન્યો છે. જે ૧૨ કરોડના ખર્ચે તૈયાર થઈ જેનું લોકાર્પણ નરેન્દ્ર મોદી દ્વારા કરાયું છે.

● કચ્છ ઈતિહાસ પરિષદનો ૩૨મો સ્થાપના દિન રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે ઊજવાયો. સંસ્થાના ૪૫ સભ્ય સાયન્સ સેન્ટરની છ ગેલેરીમાં મરીન નેવિગેશન, એનર્જી સાયન્સ, ફિલ્ડ મેડલ, બોન્સાઈ નેનો ટેકનોલોજી અને સ્પેસ સાયન્સ ગેલેરીની નિષ્ણાત ગાઈડો પાસેથી સરળ ભાષા પધ્ધતિથી સમજણ મેળવી હતી. વર્કશોપ એરિયામાં પ્રમુખ સાવજસિંહ જાડેજા, ઉપપ્રમુખ શંભુભાઈ જોશી, મહામંત્રી પ્રમોદભાઈ જેઠી, મંત્રી સહદેવસિંહ જાડેજા, મંત્રી વનરાજસિંહ જાડેજાએ વૈજ્ઞાનિક પ્રવાસની મેળવેલી માહિતી વિશે આલેખન કર્યું હતું. પ્રોજેક્ટ ડાયરેક્ટ ડૉ.રાજેન્દ્ર પટેલ, ફેસેલિટી મેનેજર આરતી આર્ય, કોમ્યુનિટી મેનેજર હિરેન રાઠોડ, આઈ.ટી.મેનેજર પ્રમોદ ગાયકવાડ તેમજ ગાઈડોનો આભાર સંસ્થાના મંત્રી સહદેવ સિંહ જાડેજાએ માન્યો હતો.

● પ્રવાસન ક્ષેત્રે ભુજને મળેલા સ્મૃતિ વનને ચાર ચાંદ લગાવે એવી ભેટ સમાન ૧૦૦ ફૂટ ઊંચો તિરંગો લહેરાવાયો છે. ભુજિયો ડુંગર ભુજ આવતા લોકો દૂરથી જોઈ શકે છે. તેમાં સ્મૃતિવન ઉપરાંત હવે દેશની આન બાન શાન સમો દેશનો રાષ્ટ્રધ્વજ હવે એક વધુ આકર્ષણ બનશે દરેક નાગરિકની રાષ્ટ્રભાવના જાગૃત થાય એવા ઉદ્દેશ સાથે ભુજમાં રાષ્ટ્રધ્વજ ફરકતો રાખવા જિલ્લા વહીવટીતંત્ર તથા નગરપાલિકા દ્વારા આની સુદ્રઢ વ્યવસ્થા કરાઈ છે.


SHUBH
DIAMONDS
Happy
Tamil New Year
Best Wishes
Rajendra Momaya